नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨૮

# તંદુલવૈચારિક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૨૪

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૨૮) તંદુલવૈચારિક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૨૮ 'તંદુલવૈચારિક'

## પ્રકીર્ણક સૂત્ર– ૫ ગુજરાતી ભાવાનુવાદ

### ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | મંગલ અને દ્વાર નિરૂપણ | ૦૬ | ૫ | દેહ સંહનન અને આહાર આદિ | ૧૧ |
| ૨ | ગર્ભ પ્રકરણ | ૦૬ | ૬ | કાલ-પ્રમાણ | ૧૨ |
| ૩ | પ્રાણીની દશ દશાઓ | ૦૯ | ૭ | અનિત્યત્વ-અશુચિત્વ આદિ પ્રરુપણા | ૧૩ |
| ૪ | ધર્મ ઉપદેશ અને ફળ | ૦૯ | ૮ | ઉપદેશ-ઉપસંહાર | ૧૫ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518**

**2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૨૮] તંદુલવૈચારિક

## પ્રકીર્ણકસૂત્ર-૫- ગુજરાતી ભાવાનુવાદ

**સૂત્ર-૧**

જરા-મરણથી મુક્ત જિનેશ્વર મહાવીરને વાંદીને હું આ તંદુલવૈચારિક નામે પયન્નાને કહીશ.

**સૂત્ર-૨, ૩**

૨. ગણવામાં મનુષ્યનું આયુ સો વર્ષનું લઈ, તેને દશ-દશમાં વિભાજિત કરાય છે. તે સો વર્ષના આયુ સિવાયનો કાળ તે ગર્ભાવાસ.

૩. તે ગર્ભકાળ જેટલા દિવસ, રાત્રિ, મુહૂર્ત, શ્વાસોચ્છ્વાસ જીવ ગર્ભાવાસમાં રહે તેની આહારવિધિ કહીશ.

**સૂત્ર-૪ થી ૮**

૪. જીવ ૨૭૦ પૂર્ણ રાત્રિ દિવસ અને અડધો દિવસ ગર્ભમાં રહે છે.

૫. નિયમથી જીવને આટલા દિવસ-રાત ગર્ભાવાસમાં લાગે.

૬. પણ ઉપઘાતના કારણે તેનાથી ઓછા કે અધિક દિવસમાં પણ જન્મ લઈ શકે છે.

૭. નિયમથી જીવ ૮૩૨૫ મુહૂર્ત સુધી ગર્ભમાં રહે પણ તેમાં હાનિ-વૃદ્ધિ પણ થાય છે.

૮. જીવને ગર્ભમાં ૩,૧૪,૧૦,૨૨૫ શ્વાસોચ્છ્વાસ હોય છે. પણ તેનાથી હિનાધિક પણ હોઈ શકે.

**સૂત્ર-૯ થી ૧૨**

૯. હે આયુષ્યમાન્ ! સ્ત્રીની નાભિની નીચે પુષ્પડંઠલના આકારે બે સિરા હોય છે.

૧૦. તેની નીચે ઊલટા કરેલા કમળના આકારે યોનિ હોય છે, જે તલવારની મ્યાન જેવી હોય છે. તે યોનિ નીચે કેરીની પેશી જેવો માસપિંડ હોય છે,

૧૧. તે ઋતુ કાળમાં ફૂટીને લોહીના કણ છોડે છે, ઊલટા કરાયેલા કમળના આકારની યોનિ, જ્યારે શુક્રમિશ્રિત હોય ત્યારે તે જીવ ઉત્પન્ન કરવા યોગ્ય હોય છે, તેમ જિનેન્દ્રોએ કહેલું છે.

૧૨. ગર્ભોત્પત્તિ યોગ્ય યોનિમાં બાર મુહૂર્ત સુધી લાખ પૃથક્ત્વથી અધિક જીવ રહે છે, પછી વિનાશ પામે છે.

**સૂત્ર-૧૩, ૧૪**

૧૩. ૫૫ વર્ષ બાદ સ્ત્રીની યોનિ ગર્ભધારણ યોગ્ય રહેતી નથી અને ૭૫ વર્ષ બાદ પુરુષ પ્રાયઃ શુક્રાણુ રહિત થઈ જાય છે.

૧૪. ૧૦૦ વર્ષથી પૂર્વકોટિ સુધી જેટલું આયુ હોય છે, તેના અડધા ભાગ પછી સ્ત્રી સંતાનોત્પત્તિમાં અસમર્થ થઈ જાય છે અને આયુનો ૨૦ ટકા ભાગ બાકી રહેતા પુરુષ શુક્રરહિત થાય.

**સૂત્ર-૧૫**

રક્તોત્કટ સ્ત્રીયોનિ ૧૨-મુહૂર્તમાં ઉત્કૃષ્ટા લાખ પૃથક્ત્વ જીવોને સંતાનરૂપે ઉત્પન્ન કરવામાં સમર્થ છે. ૧૨ વર્ષે અધિકતમ ગર્ભકાળમાં એક જીવના અધિકતમ સો પૃથક્ત્વ પિતા થઈ શકે છે.

**સૂત્ર-૧૬**

જમણી કુક્ષી પુરુષનું, ડાબી કુક્ષી સ્ત્રીનું નિવાસ સ્થળ હોય છે. બંને મધ્યે વસે તે નપુંસક હોય. તિર્યંચયોનિમાં ગર્ભની ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ વર્ષ માનેલી છે.

સૂત્ર–૧૭ થી ૧૯

૧૭. નિશ્ચયથી જીવ માતા-પિતાના સંયોગમાં ગર્ભમાં ઉપજે છે, તે પહેલાં માતાની રજ અને પિતાના શુક્રના કલુષ અને કિલ્બિષનો આહાર કરી રહે છે.

૧૮. પહેલા સપ્તાહમાં જીવ તરલ પદાર્થ રૂપે, બીજે સપ્તાહે દહીં જેવો જામેલો, પછી લચીલી પેશી જેવો, પછી ઠોસ થઈ જાય છે.

૧૯. પહેલા મહિને ફૂલેલા માંસ જેવો, બીજા મહિને માંસપિંડ જેવો ઘનીભૂત હોય છે. ત્રીજે મહિને માતાને ઇચ્છા ઉત્પન્ન કરાવે છે, ચોથે મહિને માતાના સ્તન આદિને પુષ્ટ કરે છે. પાંચમે મહિને હાથ-પગ-માથુ એ પાંચ અંગો તૈયાર થાય છે. છઠ્ઠે મહિને પિત્ત અને લોહીનું નિર્માણ થાય છે. તેમજ અન્ય અંગોપાંગ બને છે. સાતમે મહિને ૭૦૦ શિરા, ૫૦૦ માંસપેશી, નવ ધમની, માથા તથા દાઢી સિવાયના વાળોના ૯૯ લાખ રોમછિદ્રો બને છે. માથા અને દાઢીના વાળ સહિત સાડા ત્રણ કરોડ રોમકૂપ ઉત્પન્ન થાય. આઠમે મહિને પ્રાયઃપૂર્ણ થાય.

સૂત્ર–૨૦

ભગવન્ ! ગર્ભગત જીવને શું મળ, મૂત્ર, કફ, શ્લેષ્મ, વમન, પિત્ત, વીર્ય કે લોહી હોય છે? ના, તેમ ન હોય. ભગવન્! કયા કારણથી આપ આમ કહો છો? ગૌતમ! ગર્ભસ્થ જીવ માતાના શરીરમાં જે આહાર કરે છે, તેને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન ઇન્દ્રિય રૂપે, હાડકા, મજ્જા, કેશ, દાઢી, મૂંછ, રોમ, નખરૂપે પરિણમાવે છે. તેથી એમ કહ્યું કે ગર્ભસ્થ જીવને મળ યાવત્ લોહી હોતું નથી.

સૂત્ર–૨૧

ભગવન્ ! ગર્ભગત જીવ મુખેથી કવલ આહાર કરવા સમર્થ છે ? ગૌતમ ! ના, આ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ! ગર્ભસ્થ જીવ ચોતરફથી આહાર કરે છે, ચોતરફ પરિણમાવે છે, ચોતરફથી શ્વાસ લે છે અને ચોતરફ શ્વાસ લે છે અને ચોતરફ મૂકે છે. વારંવાર આહાર લે છે અને પરિણમાવે છે, વારંવાર શ્વાસ લે છે અને મૂકે છે. જલદીથી આહાર લે છે અને મૂકે છે, જલદીથી શ્વાસ લે છે અને મૂકે છે.

માતાના શરીરને જોડાયેલ, પુત્રના શરીરને સ્પર્શિત કરતી એક નાડી હોય છે, જે માતાના શરીર રસની ગ્રાહક અને પુત્રના જીવન રસની સંગ્રાહક હોય છે. તેથી તે જેવો આહાર ગ્રહણ કરે છે, તેવો જ પરિણમાવે છે. પુત્રના શરીર સાથે જોડાયેલ અને માતાના શરીરને સ્પર્શતી એક બીજી નાડી હોય છે. તેથી કહ્યું કે ગર્ભસ્થ જીવ મુખેથી કવલ-આહાર ગ્રહણ કરવા સમર્થ નથી.

સૂત્ર–૨૨

ગર્ભસ્થ જીવ કયો આહાર કરે ? ગૌતમ ! તેની માતા જે વિવિધ પ્રકારની નવ રસ વિગઈ, કડવું-તીખું-તુરુ-ખારુ-મીઠું દ્રવ્ય ખાય તેના જ આંશિકરૂપે ઓજાહાર કરે છે. તે જીવની ફળના બિંટ જેવી કમળની નાળના આકારની નાભિ હોય છે, તે રસ ગ્રાહક નાડી માતાની નાભિ સાથે જોડાયેલી હોય છે, તે નાડીથી ગર્ભસ્થજીવ ઓજાહાર કરે છે અને વૃદ્ધિ પામી યાવત્ જન્મે છે.

સૂત્ર–૨૩

ભગવન્ ! માતૃ અંગો કેટલા કહેલા છે ? ગૌતમ ! માતૃઅંગ ત્રણ કહેલા છે, તે આ રીતે – માંસ, લોહી, મસ્તક.

ભગવન્ ! પિતૃ અંગો કેટલા કહેલા છે ? ગૌતમ ! પિતૃઅંગ ત્રણ કહેલા છે – હાડકા, હાડકાની મજ્જા, દાઢી-મૂંછ, રોમ-નખ.

સૂત્ર–૨૪

ભગવન્ ! ગર્ભસ્થ જીવ નૈરયિકમાં ઉપજે ? ગૌતમ! કેટલાક ઉપજે, કેટલાક ન ઉપજે. ભગવન્! એમ કેમ કહો

છો ? ગૌતમ ! જે જીવ ગર્ભસ્થ સંજ્ઞી પંચેન્દ્રિય હોય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત હોય, વીર્યલબ્ધિ-વિભંગજ્ઞાનલબ્ધિ - વૈક્રિય લબ્ધિ હોય. તે વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત શત્રુસેના આવેલી સાંભળી, સમજી વિચારે કે હું આત્મપ્રદેશ બહાર કાઢુ છું, પછી વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને ચાતુરંગિણી સેના સજ્જ કરે. કરીને પરસૈન્ય સાથે સંગ્રામ કરે.

તે જીવ અર્થ-રાજ્ય-ભોગ-કામ કામિત થઈ, અર્થ-રાજ્ય-ભોગ-કામ કાંક્ષિત થઈ, અર્થ-ભોગ-રાજ્ય-કામ પિપાસુ થઈને - તેમાં ચિત્ત-મન-લેશ્યા-અધ્યવસિત-તીવ્ર અધ્યવસાન-તે અર્થમાં જ ઉપયુક્ત - તેના અર્પિત કરણમાં - તે ભાવના ભાવિત થઈ, આ અંતરમાં કાળ કરી નૈરયિકમાં ઉત્પન્ન થાય.

આ કારણે એમ કહ્યું કે – ગર્ભસ્થ જીવમાં કેટલાક નૈરયિકપણે ઉપજે અને કેટલાક ન ઉપજે.

સૂત્ર–૨૫

ભગવન્ ! ગર્ભસ્થ જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય ? કોઈ ઉત્પન્ન થાય, કોઈ ન થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે જીવ ગર્ભ પ્રાપ્ત હોય, સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, વૈક્રિયલબ્ધિથી, અવધિજ્ઞાનલબ્ધિથી તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળી, અવધારીને તે તીવ્ર સંવેગ સંજાત શ્રાદ્ધ, તીવ્ર ધર્માનુરાગ રક્ત થાય.

તે જીવ ધર્મકામી, પુન્યકામી, સ્વર્ગકામી, મોક્ષકામી થાય. ધર્મકાંક્ષિત, પુન્યકાંક્ષિત, સ્વર્ગકાંક્ષિત, મોક્ષકાંક્ષિત થાય. ધર્મ-પુન્ય-સ્વર્ગ-મોક્ષ પિપાસિત થાય. તેમાં ચિત્ત, તેમાં મન, તે લેશ્યા, તે અધ્યવસિત, તે તીવ્ર અધ્યવસાન, તે અર્પિતકરણ, તે અર્થમાં ઉપયુક્ત, તે ભાવનાભાવિત હોય. આ અંતરમાં કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થાય.

આ કારણે હે ગૌતમ ! એમ કહ્યું કે કેટલાક દેવલોકમાં ઉપજે છે, કેટલાક ઉત્પન્ન થતા નથી.

સૂત્ર–૨૬ થી ૪૨

૨૬. ૧.ગર્ભમાં રહેલ જીવ ઊલટો સૂવે, પડખે સૂવે કે વક્ર આકારે સુવે ?

૨.ઊભો હોય કે બેઠો હોય ?

૩. સૂતો હોય કે જાગતો હોય ?

૪. માતા સૂવે ત્યારે સૂવે અને જાગે માતા ત્યારે જાગે ?

૫. માતા સુખી હોય તો સુખી અને માતા દુઃખી હોય તો દુઃખી રહે ?

હા, ગૌતમ ! ગર્ભ સ્થિત જીવ માટે તમે પૂછો છો તેમજ છે

૨૭. સ્થિર રહેલા ગર્ભનું માતા રક્ષણ કરે, સમ્યક્‌રૂપે પરિપાલન કરે, વહન કરે, તેને સીધો રાખે અને એ રીતે ગર્ભની અને પોતાની રક્ષા કરે.

૨૮. માતા સૂવે ત્યારે સૂવે, જાગે ત્યારે જાગે, સુખી હોય તો સુખી અને દુઃખી હોય ત્યારે દુઃખી થાય છે.

૨૯. તેને વિષ્ઠા, મૂત્ર, કફ, નાકનો મેલ પણ ન હોય, આહાર; અસ્થિ, મજ્જા, નખ, કેશ, શ્મશ્રુરૂપે પરિણમે છે.

૩૦. આહાર પરિણમન અને શ્વાસોચ્છ્વાસ બધું શરીર પ્રદેશોથી થાય છે અને તે કવલાહાર કરતો નથી.

૩૧. આ રીતે દુઃખી જીવ ગર્ભમાં શરીરને પ્રાપ્ત કરી અશુચિ પ્રદેશમાં નિવાસ કરે છે. પરમ અંધકારમાં રહે છે.

૩૨. હે આયુષ્યમાન્ ! ત્યારે નવમાં મહિનામાં માતા તેના દ્વારા ઉત્પન્ન થનારા ગર્ભને ચારમાંથી કોઈ એકરૂપે જન્મ આપે છે. તે આ પ્રમાણે – સ્ત્રી, પુરુષ, નપુંસક, પીંડ.

૩૩. શુક્ર ઓછું – રજ વધુ હોય તો સ્ત્રી, રજ ઓછી - શુક્ર વધુ તો પુરુષ,

૩૪. રજ અને શુક્ર બંને સમાન હો તો નપુંસક માત્ર સ્ત્રી-રજની સ્થિરતા રહે તો પિંડ ઉત્પન્ન થાય.

૩૫. પ્રસવકાળે બાળક માથા અથવા પગથી નીકળે છે. જો તે સીધું બહાર નકળે તો સકુશલ જન્મે, પણ જો તીર્છું થઈ જાય તો મરણ પામે છે.

૩૬. કોઈ પાપાત્મા અશુચિ પ્રસૂત અને અશુચિરૂપ ગર્ભવાસમાં ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ સુધી રહે છે.

૩૭. જન્મ અને મૃત્યુ સમયે જીવ જે દુઃખ પામે છે. તેનાથી તે વિમૂઢ બનેલો પોતાના પૂર્વજન્મોનું સ્મરણ કરી શકતો નથી.

૩૮. ત્યારે રડતો તથા પોતાની માતાના શરીરને પીડા પહોંચાડતો યોનિમુખથી બહાર નીકળે છે.

૩૯. ગર્ભગૃહમાં જીવ કુંભીપાક નરકની જેમ વિષ્ઠા, મૂત્ર આદિ અશુચિ સ્થાને ઉત્પન્ન થાય છે,

૪૦. જેમ વિષ્ઠામાં કૃમિ ઉત્પન્ન થાય છે, તે જ રીતે પુરુષના પિત્ત, કફ, વીર્ય, લોહી અને મૂત્રમાં જીવ ઉત્પન્ન થાય છે.

૪૧. તે જીવનું શુદ્ધિકરણ કઈ રીતે થાય જેની ઉત્પત્તિ જ શુક્ર અને લોહીના સમૂહમાં થઈ હોય ?

૪૨. અશુચિથી ઉત્પન્ન અને હંમેશાં દુર્ગંધયુક્ત વિષ્ઠાથી ભરેલા અને હંમેશાં શુચિની અપેક્ષા કરનારા આ શરીર પર ગર્વ કેવો ?

### સૂત્ર–૪૩ થી ૫૪

૪૩. હે આયુષ્યમાન્ ! આ પ્રકારે ઉત્પન્ન જીવની ક્રમથી દશ દશા કહી છે, તે આ પ્રમાણે –

૪૪. બાલા, ક્રીડા, મંદા, બલા, પ્રજ્ઞા, હાયની, પ્રપંચા, પ્રાગ્ભારા, મુન્મુખી અને શાયની. એ દશકાળ દશા.

૪૫. જન્મ થતા જ જીવ પહેલી અવસ્થા પામે, તેમાં અજ્ઞાનતાને લીધે સુખ, દુઃખ અને ભૂખને જાણતો નથી.

૪૬. બીજી અવસ્થામાં તે વિવિધ ક્રીડા દ્વારા ક્રીડા કરે છે તેની કામભોગમાં તીવ્ર મતિ ઉત્પન્ન થતી નથી.

૪૭. ત્રીજી અવસ્થા પામે છે, ત્યારે પાંચે પ્રકારના ભોગો ભોગવવા નિશ્ચે સમર્થ થાય છે.

૪૮. ચોથી બલા નામક અવસ્થામાં મનુષ્ય, તકલીફ ન હોય તો પણ પોતાનું બળ પ્રદર્શન કરવા સમર્થ થાય

૪૯. પાંચમી અવસ્થામાં તે ધનની ચિંતા માટે સમર્થ હોય છે અને પરિવારને પામે છે.

૫૦. છટ્ઠી 'હાયની' અવસ્થામાં તે ઈન્દ્રિયમાં શિથિલતા આવતા કામભોગ પ્રતિ વિરક્ત થાય છે.

૫૧. સાતમી 'પ્રપંચા' દશામાં તે સ્નિગ્ધ લાળ અને કફ પાડતો અને વારંવાર ખાંસતો રહે છે.

૫૨. આઠમી અવસ્થામાં સંકુચિત થયેલ પેટની ચામડીવાળો, સ્ત્રીઓને અપ્રિય અને વૃદ્ધાવસ્થાવાળો થાય

૫૩. નવમી મુન્મુખ દશામાં શરીર વૃદ્ધાવસ્થાથી આક્રાંત થઈ જાય છે અને કામવાસનાથી રહિત થાય છે.

૫૪. દશમી દશામાં તેની વાણી ક્ષીણ થાય છે, સ્વર બદલાઈ જાય છે. તે દીન, વિપરીત બુદ્ધિ, ભ્રાંત ચિત્ત, દુર્બળ અને દુઃખદ અવસ્થા પામે છે.

### સૂત્ર–૫૫ થી ૬૨

૫૫. દશ વર્ષની ઉંમર દૈહિક વિકાસની, વીસ વર્ષની ઉંમર વિદ્યા પ્રાપ્તિની, ત્રીશ વર્ષ સુધી વિષયસુખ, ચાલીશ વર્ષ સુધી વિશિષ્ટ જ્ઞાન,

૫૬. પચાશે આંખની દૃષ્ટિની ક્ષીણતા, સાઠે બાહુબળ ઘટે, સીતેરમે ભોગ હાનિ, એંસીમેં ચેતના ક્ષીણ થાય,

૫૭. નેવુમે શરીર નમી જાય, સોમે વર્ષે જીવન પૂર્ણ થાય. આટલામાં સુખ કેટલું અને દુઃખ કેટલું ?

૫૮. જે સુખપૂર્વક ૧૦૦ વર્ષ જીવે અને ભોગો ભોગવે, તેના માટે પણ જિનભાષિત ધર્મનું સેવન શ્રેયસ્કર છે.

૫૯. જે નિત્ય દુઃખી અને કષ્ટપૂર્ણ અવસ્થામાં જ જીવન જીવે છે તેના માટે શ્રેષ્ઠ શું ? તેણે જિનેન્દ્ર કથિત ધર્મનું પાલન કરવું.

૬૦. સાંસારિક સુખ ભોગવતો એમ વિચારી ધર્માચરણ કરે કે મને ભવાંતરમાં શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થશે. દુઃખી એમ માની ધર્માચરણ કરે કે ભવાંતરમાં મને દુઃખ પ્રાપ્ત ન થાય.

૬૧. નર કે નારીને જાતિ, કુળ, વિદ્યા, સુશિક્ષા પણ સંસારથી પાર ઉતારતી નથી. આ બધું તો શુભ કર્મોથી જ

વૃદ્ધિ પામે છે

૬૨. તે શુભ કર્મો ક્ષીણ થતા પૌરુષ પણ ક્ષીણ થાય છે, શુભ કર્મોની વૃદ્ધિ થતા પૌરુષ પણ વૃદ્ધિ પામે છે.

સૂત્ર-૬૩

હે આયુષ્યમાન્ ! પુન્ય કૃત્યો કરવાથી પ્રીતિમાં વૃદ્ધિ થાય છે, પ્રશંસા, ધન અને કીર્તિમાં વૃદ્ધિ થાય છે. તેથી હે આયુષ્યમાન્ ! એવું કદી ન વિચારવું કે –

અહીં ઘણા સમય, આવલિકા, ક્ષણ, શ્વાસોચ્છ્વાસ, સ્તોક, લવ, મુહૂર્ત, દિવસો, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, કરોડ વર્ષ, કોડાકોડી વર્ષ જીવવું છે.

જ્યાં અમે ઘણા શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ સ્વીકારીને સ્થિર રહીશું.

હે આયુષ્યમાન્! ત્યારે એવું ચિંતન કેમ નથી કરતો કે નિશ્ચયથી આ જીવન ઘણી બાધાથી યુક્ત છે અને તેમાં ઘણા વાત, પિત્ત, શ્લેષ્મ, સંનિપાત આદિ વિવિધ રોગાંતક જીવિતને સ્પર્શે છે.

સૂત્ર-૬૪

હે આયુષ્યમાન્ ! પૂર્વકાળમાં યુગલિક, અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ચારણ અને વિદ્યાધર આદિ મનુષ્ય રોગરહિત હોવાથી લાખો વર્ષો સુધી જીવન જીવતા હતા.

તેઓ અત્યંત સૌમ્ય, સુંદર રૂપવાળા, ઉત્તમ ભોગ ભોગવતા, ઉત્તમ લક્ષણધારી, સર્વાંગ સુંદર શરીરવાળા હતા. તેમના હાથ-પગના તળિયા લાલ કમળપત્ર જેવા, કોમળ હતા. આંગળીઓ પણ કોમળ હતી. પર્વત, નગર, મગર, સાગર, ચક્ર આદિ ઉત્તમ અને મંગલ ચિહ્નોથી યુક્ત હતા. પગ કાચબાની જેમ સુપ્રતિષ્ઠિત અને સુસ્થિત, જાંઘ હરિણી અને કુરુવિંદ નામક તૃણ સમાન વૃત્તાકાર, ગોઠણ ડબ્બા અને તેના ઢાંકણની સંધિ જેવા, સાથળ હાથીની સૂંઢ જેવી, ગતિ શ્રેષ્ઠ મદોન્મત્ત હાથી જેવી વિક્રમ અને વિલાસયુક્ત હતી,

તેમના ગુહ્ય પ્રદેશ ઉત્તમ જાતિના શ્રેષ્ઠ ઘોડા જેવો, કેળ સિંહની કમરથી પણ અધિક ગોળાકાર, શરીરનો મધ્યભાગ સમેટેલી ટીપાઈ, મૂસલ, દર્પણ અને શુદ્ધ કરાયેલા ઉત્તમ સોનાના બનેલા ખડ્ગની મૂઢ અને વજ્ર જેવા વલયાકાર, નાભિ ગંગાના આવર્ત્ત અને પ્રદક્ષિણાવર્ત્ત તરંગ સમૂહ જેવી, સૂર્ય કિરણોથી વિકસિત કમળ જેવી ગંભીર અને ગૂઢ રોમરાજી રમણીય, સુંદર, સ્વાભાવિક, પાતળી, કાળી, સ્નિગ્ધ, પ્રશસ્ત, લાવણ્યયુક્ત, અતિ કોમળ, મૃદુ, કુક્ષિ મત્સ્ય અને પક્ષીની જેમ ઉન્નત, ઉદર કમળ સમાન વિસ્તીર્ણ, સ્નિગ્ધ અને ઝૂકેલા પડખાવાળું, અલ્પ રોમયુક્ત આવા પ્રકારના દેહને પૂર્વેના મનુષ્યો ધારણ કરે છે.

જેના હાડકાં માંસયુક્ત હોવાથી નજરે પડતા નથી, તે સોના જેવા નિર્મળ, સુંદર રચનાવાળા, રોગાદિ ઉપસર્ગ રહિત અને પ્રશસ્ત બત્રીશ લક્ષણોથી યુક્ત હોય છે. વક્ષઃસ્થલ સોનાની શિલા જેવા ઉજ્જ્વલ, પ્રશસ્ત, સમતલ, પુષ્ટ, વિશાળ અને શ્રીવત્સ ચિહ્નવાળા, ભૂજા નગરના દ્વારના આગળીયા સમાન ગોળ, બાહુ ભુજંગેશ્વરના વિપુલ શરીર અને પોતાના સ્થાનથી નીકળતા આગળીયા જેવી લટકતી, સાંધા યુગ-જોડાણ જેવા, માંસલ-ગૂઢ-હૃષ્ટપુષ્ટ-સંસ્થિત-સુગઠિત-સુબદ્ધ નસોથી કસાયેલ, સ્થિર, વર્તુળાકાર, સુશ્લિષ્ટ, સુંદર અને દૃઢ, હાથ લાલ હથેળીવાળા, પુષ્ટ, કોમળ, સુંદર બનાવટ વાળા, પ્રશસ્ત લક્ષણોવાળા, આંગળી પુષ્ટ-છિત્ર રહિત-કોમળ અને શ્રેષ્ઠ, નખો તાંબા જેવા રંગના પાતળા સ્વચ્છ કાંતિ વાળા સુંદર અને સ્નિગ્ધ છે.

હાથની રેખાઓ ચંદ્ર-સૂર્ય-શંખ-ચક્ર અને સ્વસ્તિક આદિ શબ લક્ષણવાળી અને સુવિરચિત, ખભા શ્રેષ્ઠ ભેંસો, સુવર, સિંહ, વાઘ, સાંઢ, હાથીના ખભા જેવા વિપુલ-પરિપૂર્ણ-ઉન્નત અને મૃદુ, ગરદન ચાર આંગળ સુપરિમિત અને શંખ જેવી શ્રેષ્ઠ, દાઢી-મૂંછ અવસ્થિત અને સુસ્પષ્ટ, ડોઢી પુષ્ટ, માંસલ, સુંદર અને વાઘ જેવી વિસ્તીર્ણ, હોઠ સંશુદ્ધ, મુગા અને બિંબના ફળ જેવા લાલ રંગના, દંતપંક્તિ ચંદ્રમા જેવી નિર્મળ, શંખ, ગાયના દૂધના ફીણ, કુંદ પુષ્પ, જલકણ અને

મૃણાલ નાલની જેમ શ્વેત, દાંત અખંડ, સુડોળ, અવિરલ, અત્યંત સ્નિગ્ધ અને સુંદર છે.

તાળવું અને જિભનું તળ અગ્નિમાં તપાવેલ સ્વચ્છ સોના જેવું, સ્વર સારસપક્ષી જેવા મધુર - નવીન મેઘની ગર્જના જેવો ગંભીર તથા ક્રૌંચ પક્ષીના અવાજ જેવો-દુંદુભી યુક્ત, નાક ગરુડની ચાંચ જેવું લાંબુ સીધું અને ઉન્નત, મુખ વિકસિત કમળ જેવું, આંખ પક્ષ કમળ જેવી વિકસિત - ધવલ - કમળપત્ર જેવી સ્વચ્છ, ભંવર થોડી નીચે ઝૂકેલી ધનુષ જેવી - સુંદર પંક્તિયુક્ત - કાળા મેઘ જેવી ઉચિત માત્રામાં લાંબી અને સુંદર - કાન કંઈક અંશે શરીરને ચોંટેલ પ્રમાણ યુક્ત ગોળ અને આસપાસનો ભાગ માંસલયુક્ત અને પુષ્ટ, કપાળ અર્ધ ચંદ્રમા જેવું સંસ્થિત, મુખ પરિપૂર્ણ ચંદ્રમા જેવું, સૌમ્ય, મસ્તક છત્રાકાર જેવું ઉભરતું, માથાનો અગ્રભાગ મુદ્‌ગર જેવો છે.

સુદઢ નસોથી બદ્ધ-ઉન્નત લક્ષણથી યુક્ત અને ઉન્નત શિખરયુક્ત, માથાની ચામડી અગ્નિમાં તપાવેલ સ્વચ્છ સોના જેવી લાલ, માથાના વાળ શાલ્મલી વૃક્ષના ફળ જેવા ઘન, પ્રમાણોપેત, બારીક, કોમળ, સુંદર, નિર્મળ, સ્નિગ્ધ, પ્રશસ્ત લક્ષણવાળા, સુગંધિત, ભુજ-ભોજક રત્ન, નીલમણી અને કાજળ જેવા કાળા, હર્ષિત ભ્રમરના ઝુંડના સમૂહ સમાન, ઘુંઘરાલા અને દક્ષિણાવર્ત્ત હોય છે, તેઓ ઉત્તમ-લક્ષણ, વ્યંજન, ગણથી પરિપૂર્ણ, પ્રમાણોપેત માન-ઉન્માન, સર્વાંગ સુંદર, ચંદ્રમા સમાન સૌમ્ય આકૃતિવાળા, પ્રિયદર્શી, સ્વાભાવિક શૃંગારને લીધે સુંદરતાયુક્ત, જોવાલાયક, દર્શનીય, અભિરૂપ તથા પ્રતિરૂપ હોય છે.

આ મનુષ્યોનો સ્વર અક્ષરિત, મેઘ સમાન, હંસ સમાન, ક્રૌંચપક્ષી, નદી-નંદીઘોષ, સીહ-સીહઘોષ, દિશાકુમાર દેવોનો ઘંટ, ઉદધિકુમાર દેવોનો ઘંટ એ સર્વે સમાન સ્વર હોય છે, શરીરમાં વાયુના અનુકૂળ વેગવાળા, કબૂતર જેવા સ્વભાવવાળા, શકુનિ પક્ષી જેવા નિર્લેપ મળદ્વાર વાળા, પીઠ અને પેટની નીચે સુગઠિત બંને પડખા અને ઉચિત પરિમાણ જાંઘવાળા, પદ્મકમળ કે નીલકમળ જેવા સુગંધિત મુખવાળા, તેજયુક્ત, નિરોગી, ઉત્તમ, પ્રશસ્ત, અત્યંત શ્વેત, અનુપમ જળ-મળ-ડાઘ-પસીના અને રજ સહિત શરીરવાળા અત્યંત સ્વચ્છ અને ઉદ્યોતિત શરીરવાળા, વજ્રઋષભ-નારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત અને ૬૦૦૦ ધનુષ ઊંચાઈવાળા કહ્યા છે.

હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો ૨૫૬ પૃષ્ઠ હાડકાવાળા કહ્યા છે. આ મનુષ્યો સ્વભાવે સરળ, પ્રકૃતિથી વિનીત, વિકાર રહિત, પ્રકૃતિથી અલ્પ ક્રોધ-માન-માયા-લોભવાળા, મૃદુ અને માર્દવયુક્ત, તલ્લીન, સરળ, વિનીત, અલ્પ ઇચ્છાવાળા, અલ્પ સંગ્રહી, શાંત સ્વભાવી, અસિ-મસિ-કૃષિ વ્યાપાર રહિત, ગૃહાકાર વૃક્ષની શાખા ઉપર નિવાસ, ઇચ્છિત વિષયાભિલાસી, કલ્પવૃક્ષના પૃથ્વીફળ અને પુષ્પનો આહાર કરે છે.

### સૂત્ર–૬૫ થી ૭૦

૬૫. હે આયુષ્યમાન્ શ્રમણ ! પૂર્વકાળના મનુષ્યોના છ પ્રકારના સંઘયણ હતા. તે આ પ્રમાણે – વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્દ્ધનારાચ, કીલિકા, સેવાર્ત્ત.

૬૬. વર્તમાન કાળે મનુષ્યોમાં સેવાર્ત્ત સંઘયણ જ હોય છે.

૬૭. હે આયુષ્યમાન્ શ્રમણ ! પૂર્વકાળમાં મનુષ્યોને છ પ્રકારના સંસ્થાન હતા. તે આ પ્રમાણે – સમચતુરસ્ર, ન્યગ્રોધ-પરિમંડલ, સાદિક, કુબ્જ, વામન અને હુંડક.

૬૮.પણ હે આયુષ્યાન્! વર્તમાનકાળે માત્ર હુંડક સંસ્થાન જ હોય છે.

૬૯. મનુષ્યોના સંહનન, સંસ્થાન, ઊંચાઈ અને આયુષ્ય અવસર્પિણી કાળના દોષને કારણે સમયે-સમયે ક્ષીણ થતા જાય છે. ક્રોધ-માન-માયા-લોભ તથા ખોટ તોલમાપની પ્રવૃત્તિ વગેરે બધા અવગુણ વધે છે.

૭૦. ત્રાજવા અને જનપદોમાં માપ-તોલ વિષમ હોય છે. રાજકુળ અને વર્ષ વિષમ હોય છે. વિષમ વર્ષોમાં ઔષધિની શક્તિ ઘટી જાય છે. આ સમયમાં ઔષધિની દુર્બળતાને લીધે આયુ પણ ઘટે છે. આ રીતે કૃષ્ણ પક્ષના ચંદ્રમાની જેમ હ્રાસમાન લોકમાં જે ધર્મમાં અનુરક્ત મનુષ્ય છે, તે સારી રીતે જીવન જીવે છે.

## સૂત્ર–૭૧ થી ૭૩

૭૧. હે આયુષ્યમાન્ ! જેમ કોઈ પુરુષ સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, મસ્તકે ન્હાઈ, કંઠમાં માલા પહેરી, મણિ-સુવર્ણ પહેરી, અહત-સુમહાર્ઘ વસ્ત્ર પહેરી, ચંદન વડે ઉત્કીર્ણ ગાત્ર શરીરી થઈ, સરસ સુરભિ ગંધ ગોશીર્ષ ચંદન વડે અનુલિપ્ત ગાત્રથી, શુચિમાલા વર્ણક વિલેપન, હાર-અર્ધહાર-ત્રિસરોહાર-પાલંબ-પ્રલંબ ધારણ કરી, કટિસૂત્રકથી સારી રીતે શોભતો, ગ્રૈવેયક-વીંટી-લલિતાંગાદિ આભરણ પહેરી, વિવિધ મણિ-સુવર્ણ-રત્ન-કડગ-ત્રુટિત વડે સ્તંભિત ભૂજાવાળા, અધિકરૂપ-શોભાયુક્ત, કુંડલ વડે ઉદ્યોતિત મુખ, મુગટ વડે દિપ્ત મસ્તક, હારાદિ વડે સારી રીતે રચિત છાતિ, પ્રાલંબ-પ્રલંબમાન-સુકૃત્ પટ ઉત્તરીય, મુદ્રિકાથી પીંગલ થયેલ આંગળી, વિવિધ મણિ-કનક-રત્ન-વિમલ-મહાર્હ-નિપુણોચિત ઝગમગતા વિરચિત સુશ્લિષ્ટ વિશિષ્ટ લષ્ટ વીરવલય પહેરેલો વધુ શું કહીએ ?

કલ્પવૃક્ષ સમાન અલંકૃત વિભૂષિત થઈ પવિત્ર થઈને માતાપિતાને અભિવાદન કરે અર્થાત્ પ્રણામ કરે.

૭૨. ત્યારે તે પુરુષને માતા-પિતા એમ કહે કે, હે પુત્ર ! સો વર્ષ જીવો. તેનું આયુ ૧૦૦ વર્ષનું હોય તો વધુ કેટલું જીવે ? ૧૦૦ વર્ષ જીવતો તે ૨૦ યુગ જીવે છે, ૨૦ યુગ જીવતો ૨૦૦ અયન જીવે છે, ૨૦૦ અયન જીવતો તે ૬૦૦ ઋતુ જીવે છે, ૬૦૦ ઋતુ જીવતો તે ૧૨૦૦ માસ જીવે છે. ૧૨૦૦ માસ જીવતો તે ૨૪૦૦ પક્ષ જીવે છે. એ રીતે ૩૬,૦૦૦ અહોરાત્ર, ૧૦,૮૦,૦૦૦ મુહૂર્ત, ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ શ્વાસોચ્છ્વાસ જીવે. તેમાં ૨૨॥ તંદુલવાહ ખાય છે.

હે આયુષ્યમાન્ ! કઈ રીતે ૨૨॥ તંદુલવાહ ખાય ? હે ગૌતમ ! દુર્બલ સ્ત્રી વડે ખંડિત, બલિષ્ઠે છડિત, ખરમુસલ વડે કૂટેલ, ભૂંસ-કાંકરા રહિત કરેલ અખંડિત અને પરિપૂર્ણ ચોખાના સાડા બાર પલનો એક પ્રસ્થ થાય. તે પ્રસ્થને માગધ પણ કહે છે. સામાન્યથી રોજ સવારે એક પ્રસ્થ અને સાંજે એક પ્રસ્થ એમ બે વખત ભાત ખાય છે. એક પ્રસ્થકમાં ૬૪,૦૦૦ ભાત હોય છે. ૨૦૦૦ ચોખાના દાણાનો એક કવલ, એ રીતે પુરુષનો આહાર ૩૨-કવલ, સ્ત્રીનો આહાર ૨૮ કવલ અને નપુંસકનો ૨૪ કવલ હોય છે.

૭૩. આ ગણના આ રીતે છે – બે અસતીની પ્રસૃતિ, બે પ્રસૃતિની એક સેતિકા, ચાર સેતિકાનો કુડવ, ચાર કુડવનો પ્રસ્થક, ચાર પ્રસ્થકનો આઢક, સાઈઠ આઢકનો જઘન્યકુંભ, ૮૦ આઢકનો મધ્યકુંભ, ૧૦૦ આઢકનો ઉત્કૃષ્ટકુંભ, ૮૦૦ આઢકનો એક વાહ, આ વાહ પ્રમાણે ૨૨॥ વાહ તંદુલ ખાય છે. એ ગણિત અનુસાર ૪૬૦ કરોડ, ૮૦ લાખ ચોખાના દાણા થાય છે, તેમ કહ્યું છે.

આ રીતે તે ૨૨॥ વાહ તંદુલ ખાતો પા॥ કુંભ મગ ખાય છે. અર્થાત્ ૨૪૦૦ આઢક ઘી, ૩૬,૦૦૦ પલ મીઠું ખાય. બે માસે કપડા બદલે તો ૧૨૦૦ ધોતી પહેરે. એ રીતે ૧૦૦ વર્ષના આયુવાળા મનુષ્યોના ઘી, તેલ, મીઠું, ભોજન, વસ્ત્રનું બધું તોલમાપ ગણિત છે.

આ ગણિત પરિમાણ પણ મહર્ષિઓએ બે પ્રકારે કહેલ છે. જેની પાસે આ બધું છે, તેની ગણના કરી છે, જેની પાસે આ કંઈ નથી તેની શું ગણના કરવી?

## સૂત્ર–૭૪ થી ૧૦૧

**૭૪ થી ૮૦.** વ્યવહાર ગણિત જોયું, હવે સૂક્ષ્મ અને નિશ્ચયગત ગણિત જાણવું જોઈએ. જો આ પ્રકારે ન હોય તો ગણના વિષમ જાણવી. સર્વાધિક સૂક્ષ્મકાળ જેનું વિભાજન ન થઈ શકે તેને 'સમય' જાણવો.

એક શ્વાસોચ્છ્વાસમાં અસંખ્યાત સમય થાય છે. હૃષ્ટપુષ્ટ ગ્લાનિ રહિત અને કષ્ટ રહિત પુરુષનો જે એક શ્વાસોચ્છ્વાસ હોય તેને પ્રાણ કહે છે.

સાત પ્રાણોનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ, ૭૭ લવનું એક મુહૂર્ત કહ્યું છે.

હે ભગવન્! એક મુહૂર્તમાં કેટલા ઉચ્છ્વાસ કહ્યા છે ? હે ગૌતમ ! ૩૭૭૩ ઉચ્છ્વાસ થાય છે. બધા જ અનંત જ્ઞાનીઓએ આ જ મુહૂર્ત પરિમાણ બતાવેલ છે.

બે ઘડીનું એક મુહૂર્ત, ૬૦ ઘડીનો અહોરાત્ર, પંદર અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો એક મહિનો થાય.

**૮૧ થી ૮૬.** દાડમના પુષ્પની આકૃતિવાળી લોખંડની ઘડી બનાવી તેના તળમાં છિદ્ર કરવું.

ત્રણ વર્ષની ગાયના બચ્ચાની પૂંછડીના ૯૬ વાળ જે સીધા હોય અને વળેલા ન હોય તેવા આકારે ઘડીનું છિદ્ર હોવું જોઈએ.

અથવા બે વર્ષના હાથીના બચ્ચાની પૂંછડીના બે વાળ જે ટૂટેલા ન હોય તેવા આકારે ઘડીનું છિદ્ર હોવું જોઈએ

અથવા ચાર માસ સોનાની એક ગોળ અને કઠોર સોય, જેનું પરિમાણ ૪ અંગુલ હોય તેવું છિદ્ર હોવું જોઈએ.

તે ઘડીમાં પાણીનું પરિમાણ બે આઢક હોવું જોઈએ. તે પાણીને કપડાં દ્વારા ગાળીને પ્રયોગ કરવો. મેઘનું સ્વચ્છ પાણી અને શરદકાલીન પર્વતીય નદીના જેવું પાણી લેવું.

**૮૭ થી ૯૨.** ૧૨-માસનું એક વર્ષ, એક વર્ષના ૨૪-પક્ષ, ૩૬૦ રાતદિવસ હોય છે,

એક રાત્રિદિવસમાં ૧,૧૩,૯૦૦ ઉચ્છ્વાસ હોય છે.

એક મહિનામાં ૩૩,૩૫,૭૦૦ ઉચ્છ્વાસ થાય છે.

એક વર્ષમાં ૪,૦૭,૪૮,૪૦૦ ઉચ્છ્વાસ થાય છે.

૧૦૦ વર્ષના આયુમાં ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ ઉચ્છ્વાસ થાય છે.

હવે સાત દિવસ ક્ષીણ થતા આયુના ક્ષયને જુઓ.

**૯૩ થી ૧૦૧.** રાતદિવસમાં ૩૦ અને મહિનામાં ૯૦૦ મુહૂર્ત પ્રમાદી માણસના નાશ પામે છે. પણ અજ્ઞાની તે જાણતા નથી.

હેમંત ઋતુમાં સૂર્ય પુરા ૩૬૦૦ મુહૂર્ત આયુના નાશ કરે છે.

એ જ રીતે ૨૦ વર્ષ બાળપણ અને વૃદ્ધાવસ્થામાં નાશ પામે છે.

બાકીના ૧૫-વર્ષ ઠંડી ગરમી માર્ગગમન ભૂખ તરસ ભય શોક અને વિવિધ પ્રકારના રોગ થાય છે.

એ રીતે ૮૫ વર્ષ નાશ પામે છે.

૧૦૦ વર્ષ જીવનાર એ રીતે ૧૫-વર્ષ જીવે છે અને બધા કંઈ ૧૦૦ વર્ષ જીવનાર હોતા નથી.

આ રીતે વ્યતીત થતા નિઃસાર મનુષ્ય જીવનમાં સામે આવેલ ચારિત્ર ધર્મનું પાલન કરતા નથી, તેને પાછળથી પશ્ચાત્તાપ કરવો પડશે.

આ કર્મભૂમિમાં ઉત્પન્ન થઈને પણ કોઈ મનુષ્ય મોહવશ થઈ જિનેન્દ્રો દ્વારા પ્રતિપાદિત ધર્મતીર્થરૂપી શ્રેષ્ઠ માર્ગ અને આત્મસ્વરૂપને જાણતો નથી.

આ જીવન નદીના વેગ જેવું ચપળ, યૌવન ફૂલો જેવું કરમાનારુ અને સુખ પણ અશાશ્વત છે. આ ત્રણે શીઘ્ર ભોગ્ય છે.

જેવી રીતે મૃગના સમૂહને જાળ વીંટાઈ જાય છે, એ રીતે મનુષ્યને જરા-મરણરૂપી જાળ વીંટાઈ જાય છે. તો પણ મોહ જાલથી મૂઢ બનેલા તમે આ બધું જોઈ શકતા નથી.

### સૂત્ર–૧૦૨

હે આયુષ્યમાન્ ! આ શરીર ઈષ્ટ, પ્રિય, કાંત, મનોજ્ઞ, મનોહર, મનાભિરામ, દૃઢ, વિશ્વસનીય, સંમત, બહુમત, અનુમત, ભાંડ કરંડક સમાન, રત્નકરંડકવત્ સુસંગોપિત, વસ્ત્રની પેટી સમાન સુસંપરિવૃત્ત, તેલપાત્રની જેમ સારી રીતે રક્ષણીય, ઠંડી-ગરમી-ભૂખ-તરસ-ચોર-દંશ-મશક-વાત-પિત્ત-કફ-સંનિપાત આદિ રોગોના સંસ્પર્શથી બચાવવા યોગ્ય માન્યું છે. પણ ખરેખર આ શરીર અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, વૃદ્ધિ અને હાનિ પામનારુ વિનાશશીલ છે.

હે આયુષ્યમાન્ ! આ શરીરમાં પૃષ્ઠ ભાગના હાડકામાં ક્રમશઃ ૧૮ સાંધા છે. તેમાં કરંડક આકારે બાર પાંસળી

છે, છ હાડકાં માત્ર પડખાને ઘેરે છે, જેને કડાહ કહેવાય છે.

મનુષ્યની કુક્ષિ એક વિતસ્તિ પ્રમાણ અને ગરદન ચાર અંગુલ પ્રમાણ છે. જીભ ચાર પલ, આંખ બે પલ છે.

હાડકાના ચાર ખંડથી યુક્ત માથાનો ભાગ છે. તેમાં ૩૨ દાંત, સાત અંગુલ પ્રમાણ જીભ,

સાડા ત્રણ પલનું હૃદય, ૨૫-પલનું કલેજું છે.

બે આંત હોય છે, જે વામ પરિણામની કહેવાય છે. બે આંત આ પ્રકારે સ્થૂળ અને પાતળી છે. તેમાં જે સ્થૂળ આંત છે, તેમાંથી મળ નીકળે છે, જે સૂક્ષ્મ આંત છે તેમાંથી મૂત્ર નીકળે છે.

બે પડખાં કહ્યા છે, એક ડાબુ બીજુ જમણુ, તેમાં જે ડાબુ પડખું છે, તે સુખ પરિણામવાળુ છે, જે જમણુ પડખુ છે, તે દુઃખ પરિણામવાળુ છે.

હે આયુષ્યમાન્ ! આ શરીરમાં ૧૬૦ સાંધા છે, ૧૦૭ મર્મસ્થાન છે. એકબીજાથી જોડાયેલા ૩૦૦ હાડકા છે, ૯૦૦ સ્નાયુઓ, ૭૦૦ શિરા, ૫૦૦ માંસપેશી, ૯-ધમની, દાઢી મૂંછના રોમ સિવાયના ૯૯ લાખ રોમકૂપ, દાઢીમૂંછ સહિત સાડા ત્રણ કરોડ રોમકૂપો હોય છે.

હે આયુષ્યમાન્ ! આ શરીરમાં ૧૬૦ શિરા નાભિથી નીકળી મસ્તિષ્ક તરફ જાય છે, જેને રસહરણી કહે છે. ઉર્ધ્વગમન કરતી આ શિરા ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વાને ક્રિયાશીલતા બક્ષે છે અને તેના ઉપઘાતથી ચક્ષુ, નેત્ર, ઘ્રાણ, જિહ્વાની ક્રિયાશીલતા નાશ પામે છે.

હે આયુષ્યમાન્ ! આ શરીરથી ૧૬૦ શિરા નાભિથી નીકળી નીચે પગના તળિયા સુધી પહોંચે છે. તેનાથી જંઘાને ક્રિયાશીલતા પ્રાપ્ત થાય છે. આ શિરાના ઉપઘાતથી મસ્તકપીડા, આધાશીશી, મસ્તકશૂળ, આંખનો અંધાપો આવે છે.

હે આયુષ્યમાન્ ! આ શરીરમાં ૧૬૦ શિરા નાભિથી નીકળી તીર્છી હાથના તળિયા સુધી પહોંચે છે તેનાથી બાહુને ક્રિયાશીલતા મળે છે અને તેના ઉપઘાતથી પડખામાં વેદના, પૃષ્ઠ વેદના, કુક્ષિપીડા અને કુક્ષિ શૂળ થાય છે.

હે આયુષ્યમાન્ ! ૧૬૦ શિરા નાભિથી નીચે તરફ જઈ ગુદાને મળે છે અને નિરૂપઘાતથી મળ-મૂત્ર, વાયુ ઉચિત માત્રામાં થય છે અને ઉપઘાતથી મળ-મૂત્ર-વાયુનો નિરોધ થતા મનુષ્ય ક્ષુબ્ધ બને છે અને પાંડુ નામક રોગ થાય છે.

હે આયુષ્યમાન્ ! કફ ધારક ૨૫-શિરા, પિત્તધારક ૨૫-શિરા, વીર્યધારક ૧૦-શિરા હોય છે, પુરુષને કુલ ૭૦૦ શિરા અને સ્ત્રીને ૬૭૦ શિરા તથા નપુંસકને ૬૮૦ શિરા હોય છે.

હે આયુષ્યમાન્ ! આ માનવશરીરમાં લોહીનું વજન એક આઢક, વસાનું અડધું આઢક, મસ્તુલિંગનું એક પ્રસ્થ, મૂત્રનું એક આઢક, પુરિસનું એક પ્રસ્થ, પિત્તનું એક કુડવ, કફનું એક કુડવ, શુક્રનું અડધું કુડવ પરિમાણ હોય છે. તેમાં જે દોષયુક્ત હોય છે, તેમાં તે પરિમાણ અલ્પ હોય છે.

પુરુષના શરીરમાં પાંચ કોઠા છે, સ્ત્રીના શરીરમાં છ કોઠા હોય છે, પુરુષને નવ સ્રોત હોય છે, સ્ત્રીને ૧૧-સ્રોત હોય છે. પુરુષને ૫૦૦ પેશી, સ્ત્રીને ૪૭૦ પેશી, નપુંસકને ૪૮૦ પેશી હોય છે.

### સૂત્ર–૧૦૩ થી ૧૦૫

કદાચ જો શરીરનું અંદરનું માસ પરિવર્તન કરી બહાર કરી દેવાય તો તે અશુચિને જોઈને માતા પણ ઘૃણા કરે.

મનુષ્યનું આ શરીર માંસ, શુક્ર, હાડકાથી અપવિત્ર છે. પણ આ વસ્ત્ર, ગંધ, માળા દ્વારા આચ્છાદિત હોવાથી શોભે છે.

આ શરીર ખોપરી, ચરબી, મજ્જા, માંસ, હાડકાં, મસ્તુલિંગ, લોહી, વાલુંડક, ચર્મકોશ, નાકનો મેલ અને વિષ્ઠાનું ઘર છે. આ ખોપરી નેત્ર, કાન, હોથ, કપાળ, તાળવું આદિ અમનોજ્ઞ મળથી યુક્ત છે. હોઠનો ઘેરાવો અત્યંત લાળથી

ચીકણો, મોઢું પસીનાવાળું, દાંત મળથી મલિન, જોવામાં બિભત્સ છે. હાથ-આંગળી, અંગુઠા, નખના સાંધાથી જોડેલા છે. આ અનેક તરલ-સ્રાવનું ઘર છે.

આ શરીર ખભાની નસ, અનેક શિરા અને ઘણા સાંધાથી બંધાયેલું છે. શરીરમાં ફૂટેલા ઘડા જેવું કપાળ, સૂકા વૃક્ષની કોટર જેવું પેટ, વાળવાળો અશોભનીય કુક્ષિ પ્રદેશ, હાડકાં અને શિરાના સમૂહથી યુક્ત, તેમાં સર્વત્ર અને બધી તરફ રોમકૂપોમાંથી સ્વભાવથી જ અપવિત્ર અને ઘોર દુર્ગંધયુક્ત પરસેવો નીકળી રહ્યો છે.

તેમાં કલેજું, આંતરડા, પિત્ત, હૃદય, ફેફસાં, પ્લીહા, ફુપ્ફુસ, ઉદર એ ગુપ્ત માંસપીંડ અને મળસ્રાવક નવ છિદ્રો છે. તેમાં ધક્ધક્ અવાજ કરતું હૃદય છે તે દુર્ગંધયુક્ત, પિત્ત-કફ-મૂત્ર અને ઔષધિનું નિવાસસ્થાન છે. ગુહ્ય પ્રદેશ, ગોઠણ, જંઘા અને પગના જોડથી જોડાયેલા, માંસ ગંધથી યુક્ત, અપવિત્ર અને નશ્વર છે.

આ રીતે વિચારી અને તેનું બિભત્સ રૂપ જોઈને એ જાણવું જોઈએ કે – આ શરીર અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સડન-ગલન અને વિનાશધર્મી તથા પહેલાં કે પછી અવશ્ય નષ્ટ થનાર છે, આદિ અને અંતવાળું છે. બધા મનુષ્યોનો દેહ આવો જ છે.

## સૂત્ર–૧૦૬ થી ૧૦૮

માતાની કુક્ષિમાં શુક્ર અને શોણિતમાં ઉત્પન્ન તે જ અપવિત્ર રસને પીતો નવ માસ ગર્ભમાં રહે છે.યોનિમુખથી બહાર નીકળ્યો. સ્તનપાનથી વૃદ્ધિ પામ્યો, સ્વભાવથી જ અશુચિ અને મળયુક્ત એવા આ શરીરને કઈ રીતે ધોવું શક્ય છે ?

અરે ! અશુચિમાં ઉત્પન્ન અને જ્યાંથી તે મનુષ્ય બહાર નીકળેલ છે, કામક્રીડાની આસક્તિથી તે જ અશુચિ યોનિમાં રમણ કરે છે.

## સૂત્ર–૧૦૯ થી ૧૪૨

**૧૦૯ થી ૧૧૨.** અશુચિ યુક્ત સ્ત્રીના કટિભાગને હજારો કવિઓ દ્વારા અશ્રાંત ભાવથી વર્ણન કેમ કરાય છે ?

તેઓ આ રીતે સ્વાર્થવશ મૂઢ બને છે, તેઓ બિચારા રાગને કારણે આ કટિભાગ અપવિત્ર મળની થેલી છે, તે જાણતા નથી. તેથી જ તેને વિકસિત નીલકમલનો સમૂહ માનીને તેનું વર્ણન કરે છે.

વધારે કેટલું કહીએ ? પ્રચુર મેદયુક્ત, પરમ અપવિત્ર વિષ્ઠાની રાશિ અને ઘૃણા યોગ્ય શરીરમાં મોહ કરવો ન જોઈએ. સેંકડો કૃમિ સમૂહોથી યુક્ત, અપવિત્ર મળથી વ્યાપ્ત, અશુદ્ધ, અશાશ્વત, સારસહિત, દુર્ગંધયુક્ત, પરસેવા અને મળથી મલિન આ શરીરમાં તમે નિર્વેદ પામો.

**૧૧૩ થી ૧૧૯.** આ શરીર દાંત-કાન-નાકનો મેલ અને મુખની પ્રચુર લાળથી યુક્ત છે. આવા બિભત્સ અને ધૃણિત શરીર પ્રત્યે રાગ કેવો ?

સડન-ગલન-વિનાશ-વિધ્વંસન-દુઃખકર, મરણધર્મી, સડેલા લાકડા સમાન શરીરની અભિલાષા કોણ કરે ?

અપવિત્ર, વિષ્ઠાથી પૂરિત, માંસ અને હાડકાનું ઘર, મલસ્રાવિ, રજ-વીર્યથી ઉત્પન્ન, નવ છિદ્રોથી યુક્ત, અશાશ્વત જાણ. તિલકયુક્ત, વિશેષથી રક્ત હોઠવાળી યુવતિના બાહ્ય રૂપને જુઓ છો પણ અંદર રહેલા દુર્ગંધિત મળને જોતા નથી.

મોહથી ગ્રહિત થઈ જાઓ છો અને કપાળના અપવિત્ર રસને પીઓ છો, કપાળથી ઉત્પન્ન રસ, જેને સ્વયં થૂકો છો, ધૃણા કરો છો અને તેમાં જ અનુરક્ત થઈ અત્યંત આસક્તિથી તે રસ પીઓ છો.

**૧૨૦ થી ૧૨૪.** કપાળ અપવિત્ર છે. નાક-વિવિધ અંગ છિદ્ર-વિછિદ્ર પણ અપવિત્ર છે. શરીર પણ અપવિત્ર ચામડાથી ઢાંકેલું અંજન વડે નિર્મળ, સ્નાન-ઉદ્વર્તનથી સંસ્કારિત, સુકુમાલ પુષ્પોથી સુશોભિત કેશરાશિયુક્ત સ્ત્રીનું મુખ અજ્ઞાનીને રાગ ઉત્પન્ન કરે છે. અજ્ઞાન બુદ્ધિવાળો જે ફૂલોને મસ્તકનું આભૂષણ કહે છે, તે કેવળ ફૂલ જ છે.

મસ્તકનું આભૂષણ નથી.

સાંભળો! ચરબી, વસા, કફ, શ્લેષ્મ, મેદ આ બધા માથાના ભૂષણ છે. આ પોતાના શરીરના સ્વાધીન છે. આ શરીર ભૂષિત થવા માટે અયોગ્ય છે. વિષ્ઠાનું ઘર છે. બે પગ અને નવ છિદ્રોથી યુક્ત છે. તીવ્ર દુર્ગંધથી ભરેલું છે. તેમાં અજ્ઞાની મનુષ્ય અત્યંત મૂર્છિત થાય છે.

**૧૨૫ થી ૧૨૯.** કામરાગથી રંગાયેલા તમે ગુપ્ત અંગોને પ્રગટ કરીન દાંતોના ચીકણા મળ અને ખોપરીમાંથી નીકળતી કાંજી અર્થાત્ વિકૃત રસને પીઓ છો.

હાથીના દાંત, સસલા અને મૃગનું માંસ, ચમરી ગાયના વાળ અને ચિત્તાનું ચામડું તથા નખને માટે તેમનું શરીર ગ્રહણ કરાય છે. માનવ શરીર શું કામનું છે ?

હે મૂર્ખ ! આ શરીર દુર્ગંધયુક્ત અને મરણસ્વભાવી છે, તેમાં નિત્ય વિશ્વાસ કરી તમે કેમ આસક્ત થાઓ છો? એનો સ્વભાવ તો કહો – દાંત કોઈ કામના નથી, મોટા વાળ ધૃણા યોગ્ય છે, ચામડી પણ બિભત્સ છે. હવે કહો કે શેમાં રાગ રાખો છો? કફ, પિત્ત, મૂત્ર, વિષ્ઠા, ચરબી, દાઢો આદિ શેનો રાગ છે ?

**૧૩૦ થી ૧૩૫.** જંઘાના હાડકાં ઉપર સાથલ છે, તેના ઉપર કટિભાગ છે, કટિ ઉપર પૃષ્ઠભાગ છે, પૃષ્ઠ ભાગમાં ૧૮ હાડકાં છે. બે આંખના હાડકાં છે અને સોળ ગરદનના હાડકાં જાણવા. પીઠમાં બાર પાંસળી છે. શિરા અને સ્નાયુથી બદ્ધ કઠોર હાડકાંનો આ ઢાંચો માંસ અને ચામડામાં લપેટાયેલો છે.

આ શરીર વિષ્ઠાનું ઘર છે, આવ મળગૃહમાં કોણ રાગ કરે છે ? જેમ વિષ્ઠાના કૂવા નજીક કાગડા ફરે છે, તેમાં કૃમિ દ્વારા સુળ-સુળ શબ્દ થયા કરે છે અને સ્રોતોથી દુર્ગંધ નીકળે છે (મરેલા શરીરની પણ આ જ દશા છે.

મૃત શરીરના નેત્રને પક્ષી ચાંચથી ખોદે છે. લતાની માફક હાથ ફેલાય છે, આંત બહાર કાઢી લે છે, ખોપરી ભયંકર દેખાય છે. મૃત શરીર ઉપર માખી બણબણ કરે છે. સડેલા માંસમાંથી શૂળ-શૂળ અવાજ આવે છે. તેમાં ઉત્પન્ન કૃમિ સમૂહ મિસ-મિસ અવાજ કરે છે. આંતરડામાં થિવ-થિવ શબ્દ થાય છે. આમ આ ઘણું બિભત્સ લાગે છે.

**૧૩૬ થી ૧૪૨.** પ્રગટ પાંસળીવાળુ, વિકરાળ, સૂકા સાંધાથી યુક્ત, ચેતના રહિત શરીરની અવસ્થા જાણો. નવ દ્વારોથી અશુચિને કાઢનાર, ઝરતા ઘડા સમાન આ શરીર પ્રતિ નિર્વેદ ભાવ ધરો.

બે હાથ, બે પગ અને મસ્તક, ધડ સાથે જોડેલ છે તે મલિન મળનું કોષ્ઠાગાર છે. આ વિષ્ઠાને તમે કેમ ઉપાડીને ફરો છો ?

આ રૂપાળા શરીરને રાજપથ ઉપર ફરતું જોઈને પ્રસન્ન થાઓ છો, પરગંધથી સુગંધિતને તમારી ગંધ માનો છો, ગુલાબ, ચંપો, ચમેલી, અગર, ચંદન, તુરૂષ્કની ગંધને પોતાની ગંધ માનીને પ્રસન્ન થાઓ છો.

તારું મોઢું મુખવાસથી, અંગ-પ્રત્યંગ અગરથી, કેશ સ્નાનાદિ વેળા લગાડેલા સુગંધિત દ્રવ્યોથી સુગંધિત છે. તો આમાં તમારી પોતાની ગંધ શું છે ?

હે પુરુષ ! આંખ-કાન-નાકનો મેલ તથા શ્લેષ્મ, અશુચિ અને મૂત્ર એ જ તો તારી પોતાની ગંધ છે.

### સૂત્ર–૧૪૩

કામરાગ અને મોહરૂપી વિવિધ દોરડાથી બંધાયેલ હજારો શ્રેષ્ઠ કવિઓ દ્વારા આ સ્ત્રીઓની પ્રશંસામાં ઘણું જ કહેવાયેલ છે. વસ્તુતઃ તેમનું સ્વરૂપ આ પ્રમાણે છે–

સ્ત્રીઓ સ્વભાવથી કુટિલ, પ્રિયવચનોની લતા, પ્રેમ કરવામાં પહાડની નદીની જેમ કુટિલ, હજારો અપરાધોની સ્વામિની, શોક ઉત્પન્ન કરાવનારી, વાળનો વિનાશ કરનારી, પુરુષો માટે વધસ્થાન, લજ્જાનો નાશ કરનારી, અવિનયની રાશિ, પાપખંડનું ઘર, શત્રુતાની ખાણ, શોકનું ઘર, મર્યાદા તોડનારી, રાગનું ઘર, દુરાચારીનું નિવાસ સ્થાન, સંમોહનની માતા જેવી છે. તથા –

જ્ઞાનનો નાશ કરનારી, બ્રહ્મચર્યનો નાશ કરનારી, ધર્મમાં વિઘ્નરૂપ, સાધુઓની શત્રુ, આચારસંપન્ન માટે કલંક રૂપ, કર્મરૂપી રજનું વિશ્રામગૃહ, મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત, દરિદ્રતાનો આવાસ, કોપાયમાન થાય ત્યારે ઝેરી સાપ જેવી, કામથી વશ થાય ત્યારે મદોન્મત્ત હાથી જેવી, દુષ્ટ હૃદયા હોવાથી વાઘણ જેવી, કાલિમાં વાળા હૃદયની હોવાથી તૃણ આચ્છાદિત કૂવા સમાન. તથા –

જાદૂગરની જેમ સેંકડો ઉપચારોથી આબદ્ધ કરનારી, દુર્ગ્રાહ્ય સદ્‌ભાવ હોવા છતાં આદર્શની પ્રતિમા, શીલને સળગાવવામાં વનખંડની આગ જેવી, અસ્થિર ચિત્ત હોવાથી પર્વત માર્ગની જેમ અનવસ્થિ. અંતરંગ વ્રણની સમાન કુટિલ હૃદય, કાળા સર્પની જેમ અવિશ્વાસ્ય, છળ છદ્મયુક્ત હોવાથી પ્રલય જેવી. તથા –

સંધ્યાની લાલિમાની જેમ ક્ષણિક પ્રેમ કરનારી, સમુદ્રના તરંગની જેમ ચપળ સ્વભાવવાળી, માછલીની જેમ દુષ્પરિવર્તનીય, ચંચળતામાં વાંદરા જેવી, મૃત્યુની જેમ કંઈ બાકી ન રાખનારી, કાળની જેમ ક્રૂર, વરૂણની જેમ કામપાશ રૂપી હાથવાળી, પાણીની જેમ નિમ્નગામિની, કૃપણની જેમ ઊલટા હાથવાળી, નરક સમાન ભયાનક, ગર્દભની જેમ દુઃશીલા, દુષ્ટ ઘોડાની જેમ દુર્દમનીય, બાળકની જેમ ક્ષણમાં પ્રસન્ન અને ક્ષણમાં રોષાયમાન. તથા –

અંધકારની જેમ દુષ્પ્રવેશ, વિષયની લતાની જેમ આશ્રયને અયોગ્ય, કૂવામાં આક્રોશથી અવગાહન કરનાર દુષ્ટ મગર જેવી, સ્થાનભ્રષ્ટ ઐશ્વર્યવાનની જેમ પ્રશંસા માટે અયોગ્ય, કિંપાક ફળની જેમ પહેલાં સારી લાગતી, પણ પણી કટુ ફળ દેનારી, બાળકને લલચાવનાર ખાલી મુઠ્ઠી જેવી, સાર વગરની, માંસપીંડને ગ્રહણ કરવાની જેમ ઉપદ્રવ કરનારી, બળેલા ઘાસના પૂળાની જેમ નહીં છૂટેલા માન અને બળેલા શીલવાળી, અરિષ્ટની જેમ દુર્ગંધનીય. તથા –

ખોટા સિક્કાની જેમ શીલને ઠગનારી, ક્રોધીની જેમ કષ્ટથી રક્ષિત, અત્યંત વિષાદવાળી, નિંદિત, દુરુપચારા, અગંભીર, અવિશ્વસનીય, અનવસ્થિત, દુઃખથી રક્ષિત, અરતિકર, કર્કશ, દંડ વૈરવાળી, રૂપ અને સૌભાગ્યથી ઉન્મત્ત, સાપની ગતિની જેમ કુટિલ હૃદયા, અટવીમાં યાત્રાની જેમ ભય ઉત્પન્ન કરનારી, કુળ-પરિવાર અને મિત્રમાં ફૂટ પાડનારી, બીજાના દોષો પ્રકાશિત કરનારી, કૃતઘ્ન, વીર્યનાશ કરનારી. તથા –

કોલની જેમ એકાંતમાં હરણ કરનારી, ચંચળ, અગ્નિથી લાલ થયેલા ઘડાની જેમ લાલ હોઠી રાગ ઉત્પન્ન કરનારી, અંતરંગ ભગ્નશત હૃદયા, દોરડા વિનાનું બંધન, વૃક્ષરહિત જંગલ, અગ્નિનિલય, અદશ્ય વૈતરણી, અસાધ્ય બીમારી, વિના વિયોગે પ્રલાપ કરનારી, અનભિવ્યક્ત ઉપસર્ગ, રતિક્રીડામાં ચિત્ત વિભ્રમ કરનારી, સર્વાંગ સળગાવનારી, મેઘ વિના જ વજ્રપાત કરનારી, જળશૂન્ય પ્રવાહ અને સમુદ્ર સમાન નિરંતર ગર્જન કરનારી એવી આ સ્ત્રીઓ હોય છે.

આ રીતે સ્ત્રીઓને અનેક નામ નિર્યુક્તિ કરાય છે. લાખો ઉપાયો થકી અને વિવિધ પ્રકારે પુરુષોની કામાસક્તિ વધારે છે. તથા તેને વધ-બંધનનું ભાજન બનાવનાર નારી સમાન બીજો કોઈ શત્રુ નથી. તેથી તેને નારી વગેરે નિર્યુક્તિ આ રીતે છે –

પુરુષને તેના સમાન બીજો કોઈ શત્રુ નથી, માટે 'નારી',

વિવિધ પ્રકારના કર્મો અને શિલ્પથી પુરુષોને મોહિત કરે છે માટે 'મહિલા',

પુરુષોને મત કરે છે માટે 'પ્રમદા.'

મહાન કલેહને ઉત્પન્ન કરે છે માટે 'મહિલિકા',

પુરુષોને હાવભાવથી રમણ કરાવે છે માટે 'રમા',

પુરુષોને અંગમાં રાગ કરાવે છે માટે 'અંગના'

અનેક પ્રકારના યુદ્ધ - કલહ-સંગ્રામ-અટવીમાં ભ્રમણ, વિના પ્રયોજને ઋણ લેવું, ઠંડી-ગરમીનું દુઃખ અને કલેશ ઊભો કરવા આદિ કાર્યોમાં તે પુરુષને પ્રવૃત્ત કરે છે માટે 'લલના'.

યોગ-નિયોગ દ્વારા પુરુષને વશ કરે છે માટે 'યોષિત્',

વિવિધ ભાવો દ્વારા પુરુષની વાસના ઉદ્દિપ્ત કરે છે માટે 'વનિતા' કહેવાય છે.

કોઈ સ્ત્રી પ્રમત્તભાવને, કોઈ પ્રણય વિભ્રમને અને કોઈ શ્વાસના રોગીની જેમ શબ્દ વ્યવહાર કરે છે.

કોઈ શત્રુ જેવી હોય છે અને કોઈ રડી રડી પગે પ્રણામ કરે છે. કોઈ સ્તુતિ કરે છે,

કોઈ કુતૂહલ, હાસ્ય અને કટાક્ષપૂર્વક જુએ છે. કોઈ વિલાસયુક્ત મધુર વચનોથી, કોઇ હાસ્ય ચેષ્ટાથી, કોઈ આલિંગન દ્વારા, કોઈ સીત્કારના શબ્દોથી, કોઈ ગૃહયોગના પ્રદર્શનથી, કોઈ ભૂમિ ઉપર લખીને અથવા ચિહ્ન કરીને, કોઈ વાંસડા ઉપર ચડી નૃત્ય દ્વારા, કોઈ બાળકના આલિંગન થકી, કોઈ આંગળીના ટચાકા, સ્તનમર્દન અને કટિતટ પીડન આદિ થકી પુરુષોને આકૃષ્ટ કરે છે.

આ સ્ત્રીઓ વિઘ્ન કરવામાં જાળાની જેમ, ફાંસવામાં કીચડની જેમ, મારવામાં મૃત્યુની જેમ, સળગાવવામાં અગ્નીની જેમ અને છિન્નભિન્ન કરવામાં તલવાર જેવી હોય છે.

## સૂત્ર–૧૪૪ થી ૧૫૧

સ્ત્રીઓ તલવાર જેવી તીક્ષ્ણ, શાહી જેવી કાલિમા, ગહન ધન જેવી ભ્રમિત કરનારી, કબાટ અને કારાગાર જેવી બંધનકારક, પ્રવાહશીલ અગાધ જળની જેમ ભયદાયક હોય છે.

આ સ્ત્રીઓ સેંકડો દોષોની ગગરી, અનેક પ્રકારના અપયશને ફેલાવનારી, કુટિલ હૃદયા, કપટપૂર્ણ વિચારવાળી હોય છે, તેના સ્વભાવને બુદ્ધિમાન પણ જાણી શકતા નથી.

ગંગાના બાલુકણ, સાગરનું જળ, હિમવતનું પરિમાણ, ઉગ્રતપનું ફળ, ગર્ભથી ઉત્પન્ન થનારી બાળક, સિંહની પીઠના વાળ, પેટમાં રહેલ પદાર્થ, ઘોડાના ચાલવાનો અવાજ, તેને કદાચ બુદ્ધિમાન મનુષ્ય જાણી શકે, પણ સ્ત્રીના હૃદયને ન જાણી શકે.

આ પ્રકારના ગુણોથી યુક્ત આ સ્ત્રીઓ વાંદરા જેવી ચંચળ મનવાળી અને સંસારમાં વિશ્વાસ કરવા યોગ્ય નથી.

લોકમાં જેમ ધાન્ય વિહિન ખળ, પુષ્પરહિત બગીચો, દૂધ રહિત ગાય, તેલ રહિત તલ નિરર્થક છે, તેમ સ્ત્રી પણ સુખ હિન હોવાથી નિરર્થક છે.

જેટલા સમયમાં આંખ મીંચીને ઉઘાડાય એટલામાં સ્ત્રીઓનું હૃદય અને ચિત્ત હજાર વખત વ્યાકુળ થાય છે.

## સૂત્ર–૧૫૨ થી ૧૫૪

૧૫૨. મૂર્ખ, વૃદ્ધ, વિશિષ્ટ જ્ઞાનહીન, નિર્વિશેષ સંસારમાં શૂકર જેવી નીચ પ્રવૃત્તિવાળાને ઉપદેશ નિરર્થક છે.

૧૫૩. પુત્ર, પિતા અને ઘણા સંગ્રહ કરેલા તે ધનથી શું લાભ ? જે મરતી વખતે કંઈ સહારો ન આપી શકે.

૧૫૪. મૃત્યુ થતા પુત્ર, મિત્ર કે પત્ની પણ સાથ છોડી દે છે, પણ સુઉપાર્જિત ધર્મ જ મરણ સમયે સાથ છોડતો નથી.

## સૂત્ર–૧૫૫ થી ૧૫૮

ધર્મ રક્ષક છે, ધર્મ શરણ છે, ધર્મ જ ગતિ અને આધાર છે, ધર્મનું સારી રીતે આચરણ કરવાથી અજરામર સ્થાનની પ્રાપ્તિ થાય છે.

ધર્મ પ્રીતિકર - કીર્તિકર - દીપ્તિકર - યશકર - રતિકર - અભયકર - નિવૃત્તિકર અને મોક્ષપ્રાપ્તિકર છે.

સુકૃત્ ધર્મ થકી જ મનુષ્યને શ્રેષ્ઠ દેવતાઓના અનુપમ રૂપ - ભોગોપભોગ - ઋદ્ધિ અને વિજ્ઞાનનો લાભ પ્રાપ્ત થાય છે.

દેવેન્દ્ર, ચક્રીપદ, રાજ્ય, ઈચ્છિત ભોગથી નિર્વાણ પર્યન્ત આ બધું જ ધર્માચરણનું ફળ છે.

સૂત્ર-૧૫૯ થી ૧૬૧

૧૫૯. અહીં સો વર્ષના આયુવાળા મનુષ્યના આહાર, શ્વાસ, સંધિ, શિરા, રોમફળ, પિત્ત, લોહી, વીર્યની ગણિતની દૃષ્ટિએ પરિગણના કરાઈ છે.

૧૬૦. જેની ગણના દ્વારા અર્થ પ્રગટ કરાયો છે એવા શરીરના વર્ષોને સંભાળીને તમે મોક્ષરૂપી કમળ માટે પ્રયત્ન કરો. જેના સમ્યક્ત્વરૂપી હજારો પાંદડાં છે,

૧૬૧. આ શરીર જન્મ-જરા-મરણ-વેદનાથી ભરેલી ગાડી જેવું છે, તેને પામીને એ જ કરવું જોઈએ જેથી બધા દુઃખોથી છૂટી જવાય.

## તંદુલવૈચારિક- પ્રકીર્ણક સૂત્ર- પનો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम- २८

# તંદુલવૈચારિક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397